શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૬ • અંક : ૦૮
ઓગષ્ટ : ૨૦૨૪

ગણપતિ બપ્પા મોરયા

॥ वक्रतुंड महाकाय सूर्यकोटि समप्रभः निर्विघ्नं कुरुमे देव सर्वकार्येषु सर्वदा ॥

ગણપતિજીની કથા અને વિજ્ઞાન વિશેષાંક

SGVP ગુરુકુલ પરિવાર સુરત દ્વારા આયોજિત 'વિચાર ગોષ્ઠી'માં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, પોલિસ કમિશ્નરશ્રી તથા વિશાળ સંખ્યામાં સુરત શહેરના આગ્રગણ્ય ભક્તજનો

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર ઉમરગામ ખાતે આયોજિત કથા પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પધરામણી. ઉપસ્થિત સંતો, યજમાનશ્રીઓ તથા ભક્તજનો

સુરત ખાતે યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો

૫૧ કલાકની અખંડ ધૂન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સંતો તથા ભક્તજનો- દ્રોણેશ્વર ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ ખાતે શ્રાવણ માસમાં શિવપૂજન કરતા ભક્તજનો - અમેરિકા

અમદાવાદ ગુરુકુલ ખાતે ભવ્ય રીતે ઉજવાયો ૨૬ જાન્યુઆરી, પ્રાસાસત્તાક પર્વ - ધ્વજવંદન

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૬, ઓગષ્ટ : ૨૦૨૪, અંક : ૦૮

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

તોહે મેરી બાંહ ગ્રહે કી લાજ...

આજ મહોત્સવ મહામંગલ દિન,
ગાઈએ ગણપતિ દેવા હો;
પૂજીએ પારવતીનંદન શુભ,
અતિ આનંદ સુખ લેવા હો. આજ. ૧
ભાદ્ર માસ ચોથ અજવાળી,
ગણપતિ પૂજન કીજે હો;
નાસે દુઃખ દારિદ્રય વિઘ્ન સઉ,
મનવાંછિત ફળ લીજે હો. આજ. ૨
ગજમોતીના ચોક પુરાવો,
બાંધો તોરણ દ્વારે હો;
ચંદન પુષ્પ ધૂપ દીપક લઈ,
પૂજીએ વિવિધ ઉપચારે હો. આજ. ૩
કંચનથાળ ભરી ધરી આગે,
મોદક મંગલકારી હો;
જગવંદન જમાડીએ જુકતે,
વિઘ્નરાજ અધિહારી હો. આજ. ૪
વાજાં વાજે વિવિધ ભાતનાં,
ઢોલ નોબત શરનાઈ હો;
પ્રેમાનંદ કહે ઝાંઝ મૃદંગ લઈ,
ગાવો મંગળ વધાઈ હો. આજ. ૫

અનુક્રમણિકા

૧. ગજાનન ગણપતિજીની કથા સાથે જોડાયેલું અધ્યાત્મ	૦૪
૨. ગણેશકથા અને વિજ્ઞાન	૦૬
૩. કથાઓમાં વિચારણીય મુદ્દા	૦૮
૪. ગણેશજીના જન્મની કથા સાથે જોડાયેલ તર્ક અને સમાધાન	૦૯
૫. ગણેશની કથા અને આધુનિક સંશોધનો	૧૧
૬. સમાચાર દર્શન	૧૫

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

ગજાનન ગણપતિજીની કથા સાથે જોડાયેલું અધ્યાત્મ

- દર્શનમ્ શોધ કેન્દ્ર

ગણેશ ઉત્સવનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે. ગણેશજીને વિઘ્નોનો નાશ કરનાર દેવ માનવામાં આવે છે. તેનું પૌરાણિક અને આધ્યાત્મિક મહત્વ ખૂબ મોટું છે. આ ઉત્સવની શરૂઆત છત્રપતિ શિવાજી મહારાજે પુનામાં કરી હતી. આ મહોત્સવ ઉજવવાનો હેતુ જનજાગૃતિ ફેલાવવાનો હતો.

શિવાજી મહારાજ પછી પેશ્વાઓએ પણ ગણેશોત્સવની પરંપરાને જાળવી રાખી. પેશ્વાઓ પછી આ તહેવાર નબળો પડ્યો અને તે ફક્ત મંદિરો અને રાજવી પરિવારો પૂરતો સીમિત રહ્યો. આ પછી ભાઈસાહેબ લક્ષ્મણ જાબલેએ ૧૮૯૨માં સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત કરી હતી.

આઝાદીના પ્રણેતા લોકમાન્ય તિલક, સાર્વજનિક ગણેશોત્સવની પરંપરાથી ખૂબ પ્રભાવિત હતા. ઈ.સ. ૧૮૯૩માં તેમણે તેમના સામયિક 'કેસરી'ના કાર્યાલયમાં ગણપતિજીની સ્થાપના કરી અને લોકોને ગણેશજીની પૂજા-અર્ચના કરવા વિનંતી કરી, જેથી રાષ્ટ્રની આઝાદીમાં આવતા અવરોધોનો નાશ કરી શકાય.

તિલકે શ્રીગણેશજીને લોકોના ભગવાન તરીકે સંબોધ્યા. લોકોએ તેને ખૂબ જ ઉત્સાહથી સ્વીકાર્યા. આ પછી ગણેશઉત્સવ જનઆંદોલનનું માધ્યમ બની ગયો. આ ઉત્સવને લોકો સાથે જોડીને તેમણે આઝાદી મેળવવા માટે જનચેતનાને જાગૃત કરવાનું માધ્યમ બનાવ્યું અને તેમાં તેઓ સફળ રહ્યા. આજે પણ સમગ્ર મહારાષ્ટ્ર આ તહેવાર કેન્દ્રબિંદુ છે. ધીરે ધીરે આ મહોત્સવે દેશના દરેક ભાગમાં લોકોને એકસસૂત્રતાના તારે જોડ્યા છે. ભાદ્રપદ ચતુર્થીના રોજ ગણપતિની સ્થાપનાથી શરૂ કરીને ચતુર્દશીના રોજ વિસર્જન સુધી, ગણપતિ દેશભરમાં વિવિધ સ્વરૂપોમાં બિરાજમાન થાય છે.

ભાદરવા સુદ ચોથ એ ગણેશ ચતુર્થી કહેવાય છે. મોરેશ્વર નામના ગણપતિના એક ભક્ત થઈ ગયા. તેમની ભક્તિના કારણે પ્રભુ સાથે તેમનું નામ જોડાઈ ગયું, તેથી આ દિવસોમાં 'ગણપતિ બાપા મોરિયા'ના નારાથી વાતાવરણ ગુંજી ઊઠે છે.

ભારતીય સંસ્કૃતિના ઋષિઓએ ગણપતિજીને ખૂબ જ મહત્વ આપ્યું છે. પ્રત્યેક શુભ કાર્યમાં તેમનું પ્રથમ પૂજન કરવામાં આવે છે. પુરાણોમાં કથા આવે છે કે, માતા પાર્વતીજીને સ્નાન કરવાની ઇચ્છા થઈ, તેમણે પોતાના શરીર ઉપરથી મેલ ઉતારીને તેનું એક બાળકનું પૂતળું બનાવ્યું અને તેમાં પ્રાણ પૂર્યો. શિવજીએ અંતઃપુરમાં પ્રવેશ ન મળતા એ બાળક સાથે યુધ્ધ કર્યું અને તેનું મસ્તક છેદી નાંખ્યું. પછી તે મસ્તક હાથીનું થયું.

મૂળ સ્વરૂપે જોઈએ તો પુરાણ કથાઓ રૂપકાત્મક હોય છે. આ કથાઓ આપણને ગૂઢતત્વનો ભેદ સમજાવે છે. આ કથાશ્રવણમાં પ્રશ્ન થાય કે, માતા પાર્વતીજી સ્નાન કરવા બેઠાં ત્યારે તેમનાં શરીર ઉપર એટલો બધો મેલ જમા થયો હશે કે જેનું એક પૂતળું થઈ જાય ? ભગવાન સદાશિવ તો સર્વજ્ઞ છે, તો તેમને ખબર પડી જવી જોઈએ કે આ મારું જ સંતાન છે ! તેમ છતાં તેમણે એક અજ્ઞાનીની જેમ ક્રોધના આવેશમાં કર્તવ્ય બજાવી રહેલા છોકરાનો શિરચ્છેદ કરી નાખ્યો ? જે શિવજી હાથીના કાપેલા મસ્તકને ચોંટાડી શકે તે શું ગણપતિના કપાયેલાં મસ્તકને ન ચોંટાડી શકે ? અને માણસના ધડ ઉપર ક્યારેય હાથીનું મસ્તક ફીટ થાય ખરૂં?

આ બધી કથાઓ પાછળ મહાપુરૂષો આપણને આધ્યાત્મિક જ્ઞાન પીરસે છે. ગણપતિજી માટે નવાં મસ્તક તરીકે બીજા કોઈનું મસ્તક ન લેતાં હાથીનું જ મસ્તક શા માટે લીધું ? તો બુદ્ધિનું સ્વરૂપ સમજાવવા માટે હાથીના મોટા કાન, લાંબી સૂઢ, ઝીણી આંખો, મોટું પેટ, મોટું માથું વગેરે અંગો તથા તેમનું વાહન ઉંદર વગેરે પ્રતિકો દ્વારા ઋષિઓ આપણને આધ્યાત્મિક અર્થ સમજાવે છે.

ઝીણી આંખો :

ઝીણી આંખો સૂક્ષ્મ અવલોકન કરવાની ક્ષમતા તથા

માનવીને જીવનમાં સૂક્ષ્મ દ્રષ્ટિ રાખવાની પ્રેરણા આપે છે. દૃષ્ટિ સૂક્ષ્મ રાખી અંતઃકરણમાં પ્રવેશતા દોષોને અટકાવવાના છે.

મોટું નાક :

મોટું નાક દૂર સુધીની સુગંધ-દુર્ગંધને ઓળખી શકવાની ક્ષમતા દર્શાવે છે. ઉપરાંત નાક આબરૂનું પણ પ્રતિક છે. તત્વવેત્તા મહાપુરુષો કે આગેવાનોમાં દૂરદર્શીપણું હોવું જોઈએ. પ્રત્યેક વાતની ગંધ તેમને પ્રથમથી જ આવી જવી જોઈએ. કૂકર્મના ઉકરડા ઉપર કેટલાક લોકો સત્કર્મનું મખમલ પાથરી ભભકાદાર રોનક બનાવતા હોય છે. તેમને જોઈ સામાન્ય માનવ તો અંજાઈ જાય છે, પરંતુ ગણેશ જેવા જ્ઞાની કે આગેવાન મહાપુરૂષો તેમના કપટને ઓળખી જતા હોય છે.

મોટા કાન :

મોટા કાન બહુશ્રુતપણું શીખવે છે. મોટા કાન ઘણું બધુ સાંભળીને પોતાની જ્ઞાનનિધિ વધારી છે, તેમ છતાં વધુ સાંભળવા તૈયાર રહેવાના સૂચક છે. ગણેશજીના કાન સૂપડા જેવા છે. સૂપડાનો ગુણ છે સારને ગ્રહણ કરી લેવો અને ફોતરાંને ફેંકી દેવા. વાતો બધાની સાંભળવી, પણ તેમાંથી સાર ગ્રહણ કરી બાકીની વાતો ફોતરાંની જેમ ઉડાડી દેવી.

બે દાંત :

ગણપતિજીને બે દાંત છે. એક આખો અને બીજો અડધો. આખો દાંત શ્રદ્ધાનું અને તૂટેલો દાંત બુદ્ધિનું પ્રતિક છે. જીવનવિકાસના માટે આત્મશ્રદ્ધા અને ઈશશ્રદ્ધા પૂર્ણ હોવી જોઈએ. બુદ્ધિ કદાચ ઓછી હશે તો ચાલશે, પરંતુ પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. પરમાત્માએ માનવને બે અમૂલ્ય ભેટ આપી છે : શ્રદ્ધા અને બુદ્ધિ. આ બન્નેનો સમન્વય હોય તો જ જીવનવિકાસ થાય છે. માનવીની બુદ્ધિ સિમિત હોવાથી આખરે તેને શ્રદ્ધાનો સહારો લેવો પડે છે. ખંડિત દાંત એ બુદ્ધિની મર્યાદાનું પ્રતિક છે અને પૂર્ણ દાંત એ અખૂટ શ્રદ્ધાનું પ્રતિક છે.

ચાર હાથ :

ગણપતિને ચાર હાથ છે. અનુક્રમે અંકુશ, પાશ, મોદક અને આશીર્વાદ આપતા હાથ છે. અંકુશ એ વાસના-વિકારો ઉપર સંયમ જરૂરી છે તેમ બતાવે છે. પાશ જરૂર પડ્યે ઈન્દ્રિયોને શિક્ષા કરવાનું સામર્થ્ય પણ હોવું જોઈએ તેમ દર્શાવે છે. મોદક, જે મોદ(આનંદ) કરાવે તે. મહાપુરૂષોનો આહાર આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય તેવો સાત્વિક હોવો જોઈએ તેમ દર્શાવે છે. ચોથો આશીર્વાદ આપતો હાથ બતાવ્યો છે. એક હાથમાં મોદક રાખીને પોતાના લાડલા ભક્તોને ખવડાવવા માટે બોલાવી રહ્યા હોય તેવો સંકેત છે.

વિશાળ પેટ :

મોટું પેટ બધી વાતો પચાવવાની ક્ષમતા દર્શાવે છે. સમુદ્રમાં જેમ બધું સમાઈ જાય છે તેમ મહાપુરૂષોના પેટમાં બધી વાતો સમાઈ જાય છે. ખોબા જેટલું પેટ હોય તો તે ઉલટી કરી નાખે છે. કહેવા ન કહેવા જેવી બધી વાતો જ્યાં-ત્યાં કહેતો ફરે, તેથી તેને અનિષ્ટ પ્રાપ્ત થાય છે. બધાની સાંભળેલી વાતો પોતાના વિશાળ પેટમાં સમાવી દેવી એનું સૂચન મોટું પેટ કરે છે.

પગ :

નાના પગ પોતાનાં કાર્યમાં ધીરે ધીરે આગળ વધવાની પ્રેરણા આપે છે. સાધકનું, જ્ઞાનીજનોનું દરેક પગલું વિચારીને ભરાય છે. અણવિચાર્યે ભરેલું પગલું મોટાં વિઘ્નોને નોતરે છે. ડગલેડગલે વિચારનારનું કાર્ય સુદઢ અને સફળ બનતું જાય છે.

વાહન :

ગણેશજીનું વાહન ઉંદર છે. મહાપુરૂષોનાં સાધનો નાનાં અને સ્વભાવ નમ્ર હોવો જોઈએ કે જેથી તે તમામના ઘરમાં પ્રવેશ પામી શકે. બીજી એક વ્યવહારિક નીતિ પણ ઉંદર પાસેથી શીખવા જેવી છે કે, જ્યારે તે કરડે છે ત્યારે ફૂંક મારીને કરડે છે, તેથી કોઈને ખબર પણ પડતી નથી. જ્ઞાની પુરુષો કોઈને કડવું વચન કહે, પણ એવી મીઠાશથી કહે કે સાંભળનારને ખરાબ કે ખોટું ના લાગે. બીજું, ઉંદર એ ચૌર્યવૃત્તિનું પ્રતિક છે. મહાપુરૂષો ઈન્દ્રિયો ઉપર અસવાર થઈને ચૌર્યવૃત્તિને સંયમમાં રાખે છે.

બુદ્ધિની ગતિનો આધાર તર્ક છે. તર્ક વિના બુદ્ધિનો વિકાસ શક્ય નથી. આ તર્ક જો નિરંકુશ હોય, તો ઉંદરની માફક નિરર્થક કાપકૂપ કર્યા કરે છે. એટલા માટે તેના ઉપર ગણપતિનું ભારે (વિવેકાત્મક) શરીર ગોઠવ્યું છે.

ઉંદર એ માયાનું પ્રતિક છે. ઉંદરની માફક માયા પણ માનવને ફૂંકી ફૂંકીને કરડે છે. આ માયાને મહાપુરુષો જ અંકુશમાં રાખી શકે છે.

ગણપતિને દુર્વા(દાભ) ઘણું જ પ્રિય છે. લોકોને મન જેની કોઈ કિંમત નથી એવા ઘાસને પણ તેમણે પોતાનું માન્યું છે અને તેની કિંમત વધારી છે. મહાપુરુષો જેનું કોઈ મહત્વ નથી, જેને કોઈ માન-સન્માન નથી એવા છેવાડાના લોકોને આશરો આપે છે, તેમનામાં આત્મવિશ્વાસ નિર્માણ કરીને જીવન જીવવાની પ્રેરણા આપે છે.

ગણપતિને લાલ ફૂલ પ્રિય છે. લાલ રંગ ક્રાંતિનો સૂચક છે. મહાપુરૂષોને દૈવી ક્રાંતિ પ્રિય હોય છે.

ગણપતિની ઉપર આપણે ચોખા (અક્ષત) ચઢાવીએ

છીએ. અક્ષત એટલે જે ખંડિત નથી પણ અખંડ છે. એમ જીવનધ્યેય માટે, પ્રભુ માટે અખંડ અને અનન્ય ભક્તિ હોવી જોઈએ.

ગણપતિને વક્રતુંડ કહે છે. રિદ્ધિ-સિદ્ધિથી મુખ મરડીને ઉભા રહેનારને જ રીદ્ધિ-સિદ્ધિ સાંપડે છે. વાંકા-ચૂંકા ચાલવાવાળાને, આડે રસ્તે જનારને જે દંડ આપે તે વક્રતુંડ.

દરેક કાર્યની સિદ્ધિ માટે ગણપતિનું સર્વપ્રથમ પૂજન કરવામાં આવે છે. મહાપુરૂષો સમાજના ગણપતિ છે. કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે સર્વપ્રથમ શ્રેષ્ઠ પુરૂષોનું પૂજન કરવાથી, તેમને બોલાવવાથી, તેમનો સત્કાર કરવાથી તેમનું માર્ગદર્શન સતત મળતું રહે છે અને કાર્ય સિદ્ધ થાય છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ જોઈએ તો આપણી ઈન્દ્રિયોનો એક ગણ(સમૂહ) છે. આ ગણનો પતિ મન છે. કોઈ પણ કાર્યને સિદ્ધ કરવું હોય તો આપણો આ ગણપતિ (મન) ઠેકાણે હોવો જોઈએ, એટલે કાર્યના પ્રારંભ પહેલાં મનને શાંત અને સ્થિર કરવું જોઈએ, જેથી કોઈ વિઘ્નો ઊભા થાય નહીં અને કાર્ય સરળ રીતે પાર પાડી શકાય.

ગણેશકથા અને વિજ્ઞાન

ગજાનન ભગવાન શ્રીગણપતિજીના અવતાર અને તેમના મનમોહક સ્વરૂપનું વર્ણન પુરાણો અને શાસ્ત્રોમાં જોવા મળે છે. કલ્પભેદથી અત્યાર સુધી ગણપતિજીના અનેક અવતાર થયા છે. ભગવાન ગણેશજીના જન્મ તથા જીવન વિશે પુરાણોમાં તથા શાસ્ત્રોમાં ઘણી કથાઓ પ્રચલિત છે.

ભગવાન ગણેશના જન્મની વિવિધ કથાઓ :

કથા ૧ : સ્કંદપુરાણ

સ્કંદ પુરાણમાં સ્કંદ અર્બુદ વિભાગમાં ભગવાન ગણેશના દેખાવ સાથે સંબંધિત એક કથા આવે છે.

આ પુરાણકથા અનુસાર, ભગવાન શંકર દ્વારા માતા પાર્વતીને પુત્રપ્રાપ્તિ માટે વરદાન આપેલું. એ વરદાનનો ઉપયોગ માતાજીએ કર્યો. એ સમયે માતાજી અર્બુદ પર્વત ઉપર હતા. જેથી ગણેશજીનો જન્મ અર્બુદ પર્વત (માઉન્ટ આબુ, જેને અર્બુદારણ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે) પર થયો હતો. આ કારણે માઉન્ટ આબુને 'અર્ધકાશી' પણ કહેવામાં આવે છે. ગણપતિજીના જન્મ પછી દેવી-દેવતાઓએ આ પર્વતની પરિક્રમા કરી હતી. આ સાથે ઋષિ-મુનિઓએ પણ ગાયના છાણથી ભગવાન ગણેશની મૂર્તિની સ્થાપના કરી હતી. આજે આ મંદિર સિદ્ધિગણેશ તરીકે ઓળખાય છે.

કથા ૨ : વરાહપુરાણ

પુરાણકથા અનુસાર એક વખત ભગવાન શિવજી પંચતત્વોમાંથી ગણેશજીની રચના કરી રહ્યા હતા. ત્યારે દેવતાઓને સમાચાર મળ્યા કે, ભગવાન શિવ ખૂબ જ સુંદર ગણેશજીનું નિર્માણ કરી રહ્યા છે. આ સમાચારથી દેવતાઓને અંતરમાં થોડો ભય લાગ્યો કે, ગણેશજીની સુંદરતા અને અદ્‌ભુતતાને કારણે એ સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની જશે તો ? ત્યાર બાદ ભગવાન શિવને જ્યારે દેવતાઓના ભયની જાણ થઈ અને તેમણે ગણેશજીનું પેટ મોટું કરીને હાથીનું મુખ મૂકી દીધું.

કથા ૩ : શ્રી ગણેશચાલીસા

આ કથા અનુસાર માતા પાર્વતીએ પુત્રપ્રાપ્તિ માટે આદિ ગણેશજીની પ્રસન્નતા માટે કઠોર તપસ્યા કરી. માતા પાર્વતીની તપસ્યાથી પ્રસન્ન થઈને ગણેશજીએ તેમને વરદાન આપ્યું કે, તમને એક દૈવી અને બુદ્ધિશાળી પુત્રની પ્રાપ્તિ થશે. એ વરદાનને સિદ્ધ કરવા સ્વયં ગણેશે બાળ સ્વરૂપે પાર્વતીજીના ખોળે અવતાર લીધો. શિવજીના ઘરે બાળકનું અવતરણ થવાથી સર્વત્ર આનંદ વર્ષવા લાગ્યો. લોકો કૈલાશ પર્વત ઉપર બાળ ગણેશનાં દર્શને આવવા લાગ્યા અને વધામણી આપવા લાગ્યા.

આ સમયે ભગવાન શિવજી અને માતા પાર્વતીજી ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે ઉત્સવમાં શનિ મહારાજ પણ સામેલ થયા હતા. માતા પાર્વતીએ શનિ મહારાજને પોતાના લાડલા બાળકને આશીર્વાદ આપવાનું કહ્યું, પરંતુ શનિ મહારાજે ગણેશજી ઉપર દૃષ્ટિ ન માંડી. ત્યારે

પાર્વતીજીએ કહ્યું, "મને લાગે છે કે અમારા ઘરે બાળકનો જન્મ થયો તે તમને ગમ્યું નથી."

શનિદેવે કહ્યું, "ના માતા ! એવું કંઈ નથી, મારી કેટલીક મજબૂરીને કારણે હું ગણેશજી સામે દૃષ્ટિ નથી માંડી શકતો."

શનિ મહારાજની વાતને પાર્વતી સમજી ન શક્યા અને પોતાના આગ્રહમાં અડગ રહ્યા. ત્યારે શનિ મહારાજે ન છૂટકે બાળ ગણેશ ઉપર પોતાની દૃષ્ટિ ફેરવી. ગણેશજી ઉપર શનિ મહારાજની નજર પડતાં જ ગણેશજીનું મસ્તક ધડથી છૂટું પડી આકાશમાં ઊડી ગયું ! મંગલ વાતાવરણ અને ઉત્સવનો માહોલ શોકમાં પલટી ગયો. માતા પાર્વતી ભારે શોકમાં ગરકાવ થઈ ગયા. માતાજીના શોકને દૂર કરવા શિવજીએ ગરુડજીને આજ્ઞા કરી શ્રેષ્ઠ મસ્તક લાવી આપવાનું કહ્યું. ગરુડજી હાથીનું માથું લઈ આવ્યા અને બાળગણેશના શરીર પર મૂક્યું. શંકરજીએ બાળકમાં પ્રાણ ફૂંક્યા. આ રીતે ગણેશજીને હાથીનું માથું મળ્યું.

કથા ૪ : શિવપુરાણ

માતા પાર્વતીજી એકવાર સ્નાન કરવા બેઠાં હતાં. શરીરને શુદ્ધ કરવા તેમણે હળદર લગાવી. એ હળદરને (મેલને) શરીર ઉપરથી ઊતારી તેમણે એક પૂતળું બનાવ્યું. પોતાને પુત્રેષણા હોવાથી એ પૂતળામાં દિવ્ય શક્તિથી તેઓએ પ્રાણ પૂર્યા અને ગણેશજીનો જન્મ થયો.

પછી માતા પોતાના પુત્રને દરવાજે પહેરો ભરવાનો આદેશ આપી સ્નાન કરવા ગયા. આ પહેલા પાર્વતીજીના અંતઃપુરના દ્વાર ઉપર નંદી પહેરો ભરવાનું કાર્ય કરતા હતા.

થોડા સમય પછી ભગવાન શિવ પધાર્યા. ગણેશજીએ તેમને રોક્યા અને અંદર જવાની ના પાડી. આથી બન્ને વચ્ચે વિવાદ શરૂ થયો. પોતાનાં ઘરમાં પોતાને જ કોઈ અજાણ્યો શિશુ રોકી રહ્યો હોવાથી શિવજી ગુસ્સે ભરાયા. અંતે આ વિવાદે યુધ્ધનું સ્વરૂપ ધારણ કર્યું. યુધ્ધમાં શિવજીએ ગણેશજીનું મસ્તક કાપી નાખ્યું !

યુધ્ધનો કોલાહલ સાંભળી માતા પાર્વતી બહાર આવ્યાં. પોતાના પુત્રની દશા જોઈ તેઓ વિલાપ કરવા લાગ્યા. શિવજીને હકીકતની જાણ થતા તેઓ પણ ભારે દુઃખી થયા. પછી શિવજીએ પોતાના ગણો તથા દેવતાઓને કહ્યું, "તમે ઉત્તર દિશા તરફ જાઓ અને જે માતા તેના સંતાન સાથે સૂતી હોય તે બાળકનું માથું લઈ આવો."

ત્યારે ગરુડજી શોધમાં નીકળ્યા. સૌપ્રથમ એમની નજરે હાથી પરિવાર પડ્યો. તેથી હાથીનું માથું લઈ આવ્યા અને શિવજીને આપ્યું. શિવજીએ ગણેશજીના શરીર સાથે તે મસ્તક જોડી ગણેશજીને જીવનદાન આપ્યું. આ રીતે ગણેશને હાથીનું માથું મળ્યું.

કથા ૫ : પદ્મ પુરાણ

એક વાર પાર્વતીજીએ તેમનાં શરીરના મેલમાંથી એક આકર્ષક આકૃતિ બનાવી હતી, જેનો ચહેરો હાથી જેવો હતો. પછી તેઓએ એ આકૃતિ ગંગાજીમાં પધરાવી. ગંગાજીનાં જળનો સ્પર્શ થતાં જ તે આકૃતિએ વિશાળ સ્વરૂપ ધારણ કર્યું. પાર્વતીએ તેમને 'પુત્ર' કહીને સંબોધ્યા. દેવ સમુદાયે તેમને 'ગંગેય' કહીને આદર આપ્યો અને બ્રહ્માજીએ તેમને ગણનું આધિપત્ય આપીને 'ગણેશ' નામ આપ્યું.

કથા ૬ : લિંગ પુરાણ

એક વાર દેવતાઓએ ભગવાન શિવની પૂજા કરી અને તેમની પાસે દુષ્ટ રાક્ષસોના સંહાર તથા એમના દ્વારા થતા દુષ્ટ કાર્યોને ડામવા પ્રાર્થના કરી. આશુતોષ શિવે 'તથાસ્તુ' કહીને દેવતાઓને સંતુષ્ટ કર્યા. સમયાંતરે ભગવાન ગણેશ પ્રગટ થયા. તેમનો ચહેરો હાથી જેવો હતો. તેના એક હાથમાં ત્રિશુલ અને બીજા હાથમાં ફરસી હતી. પોતાનાં દુઃખ દૂર કરવા પ્રગટેલા ગણેશજીના ચરણોમાં પુષ્પોની વર્ષા કરીને દેવતાઓએ વારંવાર પ્રણામ કર્યા. ભગવાન શિવે ગણેશજીને રાક્ષસોના કાર્યમાં અવરોધો ઊભા કરીને દેવતાઓ અને બ્રાહ્મણો પર કૃપા કરવાનો આદેશ આપ્યો.

આ રીતે શાસ્ત્રો-પુરાણોમાં ગણેશજીના જન્મની વિવિધ કથાઓ જોવા મળે છે.

કથાઓમાં વિચારણીય મુદ્દા



૧. ગણેશજીનો જન્મ માતા પાર્વતીના મેલથી થયો છે એવું શિવપુરાણમાં વર્ણવેલ છે અથવા ભગવાન શંકર દ્વારા એમને ઉત્પન્ન કરવામાં આવ્યા છે. આવું કેવી રીતે શક્ય બને ? શું એકલી સ્ત્રી કે એકલો પુરુષ કોઈ બાળકનો આનુવંશિક પિતા કે માતા બની શકે ? જો જવાબ 'હા' હોય, તો કેવી રીતે ?

૨. આ કથાઓને વ્યવહારિક વાસ્તવિકતાની દૃષ્ટિએ જોઈએ તો આપણને આલોચનાત્મક વિચારસરણીમાં મૂકી દે છે. જેમ કે, હાથીની ગરદન માનવીઓની ગરદનની જેમ પાતળી હોતી નથી. મોટી ઉંમરના મનુષ્યની ગરદનનો પરિઘ ૪૮ સે.મી.ની આસપાસ હશે, જ્યારે સૌથી નાના હાથીની ગરદનનો પરિઘ ૧૨૦ સે.મી.ની આસપાસ હોય છે. જ્યારે આ કથાઓમાં ગણેશજીનાં માથાનો દાતા હાથી સામાન્ય રીતે નાનો હોવો જોઈતો હતો, પરંતુ તે પણ કદાચ ઘણો મોટો હતો.

૩. હાથીની ચામડી માનવીની ચામડી કરતાં ૩ સે.મી. જાડી હોય છે. આટલી જાડી ચામડી બાળક ગણેશજીની કોમળ ચામડી સાથે કેવી રીતે જોડી હશે ? ઉપરાંત હાથીની ચામડીનો રંગ કાળો હોય અને મનુષ્યની ચામડીનો રંગ સફેદ હોય છે, તો એ પણ કેવી રીતે સમાન થયું હશે ? શું વૈદિક યુગમાં અદ્યતન ત્વચારોગવિજ્ઞાન તકનિક હોઈ શકે છે ?

આવા પ્રશ્નોના ઉત્તરમાં મોટા ભાગના લોકો આ કથાઓને સંકેતાત્મક, રૂપકાત્મક કે આધ્યાત્મિક ઠેરાવતા હોય છે. એ જવાબો તાર્કિક કે વૈજ્ઞાનિક અભિગમની ઉણપવાળા હોવાથી આજની પેઢીને સનાતન વૈદિક સંસ્કૃતિથી અને શાસ્ત્રોથી વિમુખ થતા જોવા મળે છે. અથવા તો આવા કથાનકોને ઉપજાવી કાઢેલા કે અંધશ્રદ્ધામાં વધારો કરાવનારા ઠેરાવે છે. આ કથાઓ સુંદર વાર્તા જેવી લાગે છે, જે આપણાં બાળકોને મનોરંજન પૂરું પાડી શકે. આ કારણથી જ અમુક લોકો આ કથાને દંતકથા પણ કહે છે.

પરંતુ અહીં આ કથાઓ પ્રત્યે લોકોના મનમાં ઊઠતા પ્રશ્નોનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ નિરાકરણ કરવાની કોશીશ કરીએ.

માતા પાર્વતી આદ્યશક્તિનું સ્વરૂપ છે, જેને પરાશક્તિ (સર્વોચ્ચ ઉર્જા) પણ કહી શકાય. પ્રાચીન ચિકિત્સાવિદ્યા સૂર્યવિજ્ઞાન અનુસાર માનવ શરીરમાં આ શક્તિ કુંડલિનીશક્તિ તરીકે મૂલાધાર ચક્રમાં સ્થિત રહે છે. એવું કહેવાય છે કે, જ્યારે આપણે આપણા આત્માને શુદ્ધ કરવાનો પ્રયાસ કરીએ છીએ અને આપણે આત્મા સાથે બાંધેલી અશુદ્ધિઓથી મુક્ત થઈએ છીએ, ત્યારે ભગવાન સ્વતઃ આપણી પાસે પધારે છે. આ કારણે જ ભગવાન શિવજી પાર્વતીજી સ્નાન કરી રહ્યા હતા ત્યારે અઘોષિત (આગમનની ઘોષણા વગર) પધાર્યા.

- ગણેશજન્મ પહેલા પાર્વતીજીએ સૌપ્રથમ નંદીને દરવાજાની રક્ષા માટે નિયુક્ત કર્યા હતા.

નંદી એ શિવજીનું વાહન છે અને દૈવી સ્વભાવ (સાત્વિકતાનું) પ્રતિનિધિત્વ કરે છે. આ દૈવી સ્વભાવ (નંદીજી) પરમાત્મા (શિવજીને) સમર્પિત છે. જ્યારે આપણે આત્મશુદ્ધિના માર્ગે આગળ વધીએ છીએ ત્યારે પરમાત્મા (શિવજી) આવે છે અને આપણો દૈવી સ્વભાવ (નંદી) ભગવાનને સરળતાથી ઓળખી જાય છે. તેથી પરમાત્મા એ દેવી (કુંડલિની શક્તિના) નિવાસસ્થાનમાં મૂલાધાર ચક્રમાં પ્રવેશ મેળવે છે. આધ્યાત્મિકતાના સર્વોચ્ચ લક્ષ્ય પરમાત્મા સુધી પહોંચવા માટે દૈવી સ્વભાવ

કેળવી મુલાધારને જાગ્રત કરવું અનિવાર્ય છે, જે ફક્ત દેવીની સહાયતાથી જ શક્ય બને છે.

- નંદી માતાની આજ્ઞાનું ઉલંઘન કરી શિવજીને અન્તઃપુરમાં પ્રવેશની પરવાનગી આપે છે અને અંતઃપુરમાં પાર્વતીજીએ પોતાનાં શરીર ઉપર જે હળદરનો લેપ લગાડેલ હતો તેનાથી ગણેશજીની રચના કરી.

માતા દ્વારા નિર્મિત ગણેશજી પૃથ્વી પરની જાગૃતિ-જ્ઞાનનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી તેઓ એક ઢાલ તરીકે દૈવી રહસ્યને (મૂલાધાર ચક્રની સર્વોચ્ચ શક્તિનું) અપરિપક્વ મનથી રક્ષણ કરી શકે, કારણ કે આ મૂલાધાર ચક્રના રક્ષક દેવ ગણેશજી છે અને આ ચક્રનું તત્વ 'ભૂ તત્વ' (પૃથ્વી તત્વ) છે. જ્યારે ગણેશજીની (જાગૃતિ-જ્ઞાનની) મદદથી જીવ અનિત્ય વિશ્વની વસ્તુઓથી દૂર થવાનું શરૂ કરીને નંદીને (દૈવી સ્વભાવ) કેળવે છે ત્યારે મહાન રહસ્યશક્તિ કુંડલિની શક્તિ પ્રગટ થાય છે.

- આગળ ગણેશજીનાં મૃત્યુની જાણ થતાં માતાએ સમગ્ર સૃષ્ટિનો નાશ કરવાની ચીમકી આપી.

આ સૂચવે છે કે જ્યારે અહંકાર મૃત્યુ પામે છે, ત્યારે મુક્ત જીવ તેના અસ્થાયી એવા ભૌતિક શરીરની આસક્તિથી દૂર થઈ અને પરમતત્વમાં વિલીન થવાનું શરૂ કરે છે. ભૌતિક, સતત પરિવર્તનશીલ અને અનિત્ય વિશ્વ એ દેવી (આદ્યશક્તિનું) માયાનું સર્જન છે. અને આ ભૌતિક શરીર પણ તેમના દ્વારા નિર્મિત છે. જ્યારે અપરિવર્તનશીલ અને નિત્ય જીવ પરમાત્માસ્વરૂપ છે. તેથી જ્યારે અહંકાર મૃત્યુ પામે છે, ત્યારે બાહ્યજગત સાથેની આસક્તિ પણ નષ્ટ થઈ જાય છે, કારણ કે તેનું અસ્તિત્વ અહંકાર પર આધારિત છે. માટે જ કહેવામાં આવે છે કે જો આપણે આ દુનિયાના રહસ્યોને જાણવા માગીએ છીએ, જે દેવી (આદ્યશક્તિનું) માયાનું સ્વરૂપ છે, તો આપણે સૌ પ્રથમ ગણેશજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા જોઈએ.

- શિવજી ગણેશની ગરદન ઉપર હાથીનાં મસ્તકને સ્થાપિત કરી ગણેશજીને પુનઃજીવિત કરે છે.

તેનો અર્થ એ છે કે, આપણે શરીરની આસક્તિનો ત્યાગ કરી, શરીરત્યાગ કરીએ તે પહેલાં, ભગવાન સૌ પ્રથમ આપણા નાના એટલે કે તામસિક અહંકારને, મોટા એટલે કે સાત્વિક અહંકારમાં બદલી નાખે છે. આનો અર્થ એ નથી કે આપણે વધુ અહંકારી બનીએ છીએ. તેનાથી વિપરિત, આપણે હવે મર્યાદિત વ્યક્તિગત સ્વાર્થ સાથે નહીં, પરંતુ વ્યાપક એવા પરમાર્થિક થઈએ છીએ. આ રીતે આપણું જીવન નવેસરથી નવી દિશામાં કાર્યરત બને છે, જે આપણને સાચા મુક્તિના ઉદેશ્ય સુધી પહોંચાડે છે.

ગણેશજીના જન્મની કથા સાથે જોડાયેલ તર્ક અને સમાધાન

ગણેશના જન્મની ભિન્ન ભિન્ન કથાઓમાં મુખ્યત્વે બે વાત જોવા મળે છે.

૧. ગણેશજીનો જન્મ ભગવાન શંકર દ્વારા થયો છે.

૨. ગણેશજીનો જન્મ માતા પાર્વતીના મેલ દ્વારા થયો છે.

આ બંને કિસ્સાઓનો જો આપણે અભ્યાસ કરીએ તો ફક્ત પુરુષ (શંકર) અથવા સ્ત્રી (પાર્વતી) દ્વારા, અર્થાત્ એકલા પુરુષ કે એકલી સ્ત્રી દ્વારા જ જન્મ થયો છે. તો હવે પ્રશ્ન એ છે કે આવું કઈ રીતે શક્ય બને?

આજના વિજ્ઞાનની ટેક્નોલોજીમાં 'સરોગસી' દ્વારા બાળકને જન્મ આપવાનું શક્ય બન્યું છે. આ કિસ્સાઓ જોઈએ તો પ્રથમ સ્ત્રી કે પુરુષ દ્વારા એકલા પુત્ર પ્રાપ્તિની કથામાં આવું જ કોઈક વિજ્ઞાન છૂપાયેલું જણાય છે. પરંતુ એક અન્ય પદ્ધતિની મદદ વડે પણ એ સમયે બાળક ઉત્પત્તિનું વિજ્ઞાન પ્રચલિત હતું, જેને આજનું આધુનિક વિજ્ઞાન 'આનુવંશિક ક્લોનિંગ પદ્ધતિ' (**Genetical Clonning Method**) તરીકે ઓળખે છે. આ કથામાં માતા પાર્વતીના શરીરમાંથી ઉતારેલ મેલ અને ઉબટન દ્વારા ગણેશજીનો જન્મ થયો તેમાં આ ક્લોનિંગ પદ્ધતિને વધુ ઉચિત ગણી શકાય.

તો શું છે આ આનુવંશિક ક્લોનિંગ પદ્ધતિ?

આધુનિક સમયમાં આ પદ્ધતિથી ક્લોન તૈયાર કરવા મુખ્યત્વે ચાર સ્ટેપ્સ છે. માટે ગણેશજીના જન્મને પણ

આપણે આજ ચાર સ્ટેપમાં સમજીશું.

૧. પ્રથમ સ્ટેપ એટલે શરીરમાંથી **DNA** છૂટા પાડવા.

૨. બીજું સ્ટેપ પ્લાઝમીડ્સ.

૩. ત્રીજું સ્ટેપ પુનઃ સંયોજિત પ્લાઝમાઈડનું બેક્ટેરિયામાં રૂપાંતરણ કરવું.

૪. ચોથું સ્ટેપ વિજ્ઞાનમાં ઇચ્છિત રી-કોમ્બિનન્ટ પ્લાઝમિડની કાર્યપદ્ધતિ નિર્ધારીત કરાવવી.

હવે સ્ટેપને કથા સાથે સરખાવીને વિષેશ સમજીએ.

૧. માતા પાર્વતીનાં શરીરમાંથી મેલ અને ઉબટન ઊતારવું એટલે પ્રથમ સ્ટેપ શરીરમાંથી **DNA** છૂટા પાડવા.

૨. આ મેલ કે ઉબટનને બીબામાં મૂકી આકાર આપવામાં આવ્યો જે બીજું સ્ટેપ પ્લાઝમીડ્સ.

૩. આ મૂર્તિમાં જીવ ફૂંકવો જે ત્રીજું સ્ટેપ, અર્થાત પુનઃ સંયોજિત પ્લાઝમાઈડનું બેક્ટેરિયામાં રૂપાંતરણ કરવું.

૪. આ જીવિત બાળકની કાર્યપ્રણાલી નિર્ધારિત કરાવી (દરવાજાની બહાર રક્ષક તરીકે ઊભો રાખવો) જે ચોથું સ્ટેપ અર્થાત્ વિજ્ઞાનમાં ઇચ્છિત રી-કોમ્બિનન્ટ પ્લાઝમિડની કાર્યદ્ધતિ નિર્ધારિત કરવી.

આ ચાર સ્ટેપને ગણેશના જન્મ સાથે જોડવાથી ખબર પડે છે કે એમનો જન્મ ક્લોનિંગ પદ્ધતિથી થયો હશે. આ ક્લોનિંગ દ્વારા ફક્ત માતા અથવા પિતા કોઈ પણ એકનાં શરીરમાંથી **DNA** છૂટા પાડી બાળકને જન્મ આપી શકાય. આજનું વિજ્ઞાન આ પ્રકારના ક્લોનિંગને રિપ્રોડક્ટિવ ક્લોનિંગ કહે છે. જેમાં કોષ અને રેસાઓ જ નહીં પરંતુ સંપૂર્ણ શરીરને ઉત્પન્ન કરવાની વાત છે. પ્રાચીન સમયમાં અને ખાસ કરીને રામાયણના સમયે આ રીતે ક્લોનિંગ દ્વારા બાળક પ્રાપ્ત કરવાના ઘણા કિસ્સાઓ જોવા મળે છે.

- વાલ્મીકિ કૃત અધ્યાત્મરામાયણની કથા અનુસાર દેવગુરૂ બ્રહસ્પતિના પુત્ર કુશધ્વજની પુત્રી વેદવતીનો જન્મ માતા લક્ષ્મીના અશંમાંથી થયો હતો. આ કારણથી તેઓ ભગવાન વિષ્ણુને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે પિતાના આશ્રમથી દૂર જંગલમાં તપ કરી રહ્યા હતા. આ સમયે રાવણ તે સ્થાનેથી પસાર થયો ત્યારે તેણે આ તપસ્વી કન્યા જોઈ. રાવણ વેદવતીના અતુલ્ય તેજ અને રૂપ-યૌવનને જોઈ તેને ભોગવવા લાલાયિત થયો. તપસ્વિની પાસે જઈને રાવણે વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. વેદવતીએ આ પ્રસ્તાવ ઠુકરાવી વિષ્ણુ ભગવનને પરણવાની ઇચ્છા વ્યક્ત કરી. ત્યારે રાવણે વેદવતીના કેશ પકડી બળજબરી કરી, પરંતુ વેદવતી રાવણને તાબે ન થયા.

રાવણના ગયા પછી વેદવતી ભારે દુઃખી થયા. એમણે પોતાના કેશ કાપી નાંખ્યા અને દુષ્ટ રાવણના સ્પર્શથી અપવિત્ર થયેલા શરીરનો વેદવતીએ ત્યાગ કરી દીધો. દેહત્યાગ કરતા પહેલા વેદવતીએ આવતા જન્મે પોતે રાવણના સર્વનાશનું કારણ બનશે તેવી આગાહી પણ કરી.

આ ઘટના દરમિયાન રાવણના હાથમાં વેદવતીના કપાયેલા વાળ રહી જાય છે. વર્ષો પછી રાવણે આ વાળમાંથી **DNA** લઈ એક બાળકનું ક્લોન તૈયાર કર્યું. એ બાળક એટલે સીતાજી. પરંતુ આ વાળમાંથી ઘણા વર્ષો પછી **DNA** છૂટા પાડવામાં આવ્યા હોવાથી તે બાળક ઘણું નબળું રહી ગયું હતું. તેથી તેમાંથી જન્મેલા ભ્રૂણનાં સ્વાસ્થ્યને જાળવવા તેને માટલામાં રાખ્યું. આ પ્રક્રિયા એટલે પ્રિ-મેચ્યોર્ડ ડિલિવરીથી જન્મેલાં બાળકને વેન્ટિલેટરમાં સ્વસ્થ રાખવામાં આવે તે જ વિજ્ઞાન.

વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાંડ અને કમ્બરામાયણની કથા પ્રમાણે રામ-રાવણ યુધ્ધની સમાપ્તિ પછી રામસેના પુનઃ અયોધ્યા આવી. ત્યાર બાદ મહેલમાં એક પછી એક આનંદના અવસરો આવ્યા. આ આનંદની વચ્ચે નિયતીના ગર્ભમાં એક ઘટના આકાર લઈ રહી હતી. સીતામાતા ગર્ભવતિ છે એવા સમાચારની સાથે એમનાં ચારિત્ર ઉપર પણ પ્રશ્ન થવા લાગ્યા. આથી પ્રજાવત્સલ ભગવાન રામે પોતાના અનુજ લક્ષણજીને આજ્ઞા કરી કે સીતાજીને અરણ્યમાં છોડી આવો. ત્યાર બાદ માતા સીતા અરણ્યમાં વાલ્મીકિ ઋષિના આશ્રમમાં રહેવા લાગ્યા, જ્યાં તેઓએ એક પુત્ર લવનો જન્મ આપ્યો. પરંતુ એક દિવસ માતા સીતા બાળક લવને વાલ્મીકિ ઋષિ પાસે રાખી જંગલમાં લાકડાં કાપવા જાય છે. વાલ્મીકિ ઋષિ પોતાનાં કાર્યોમાં વ્યસ્ત હતા, ત્યારે લવ આશ્રમની બહાર નીકળી જાય છે. ઋષિનું ધ્યાન પડે ત્યાર સુધીમાં ઘણો સમય પસાર થઈ ગયો હોવાથી અને લવ આસપાસ કોઈ સ્થાને ન મળવાથી તેનું મૃત્યુ થયું છે તેવું માને છે. તેઓ ચિંતિત થઈ જાય છે કે હવે તેઓ સીતાને શું જવાબ આપશે ? આ ધર્મસંકટમાંથી નીકળવા તેઓ એક કુશ અર્થાત ઘાસના સૂકા તાંતણાંની મદદથી **DNA** છૂટાં પાડી તેની ઉપર આ કુશની મદદથી જ પ્રક્રિયા કરી અને પુત્ર લવ જેવો જ બીજો પુત્ર ઉત્પન કરે છે. આ રીતે જોડિયા ભાઈનો જન્મ થયો. આ પુત્ર આ ઘાસના તાંતણામાંથી ઉત્પન્ન થયો હોવાથી તેને કુશ તરીકે ઓળખવામાં આવ્યો.

આપણા પ્રાચીન ગ્રંથોમાં વિજ્ઞાનથી ભરપૂર આવી અઢળક કથાઓ છૂપાયેલી છે. આવી કથાઓને અમુક લોકો કલ્પના કે મિથક કહેતા હોય છે. આપણાં શાસ્ત્રોની આ કથાઓના રહસ્યો અને વિજ્ઞાનની સાપેક્ષે આજનું આધુનિક વિજ્ઞાન હજુ પાપાપગલી માંડી રહ્યું છે. તેમ છતાં આધુનિક શોધો દ્વારા આપણે વૈદિક સંસ્કૃતિની ભવ્યતાનું અનુમાન કરીએ છીએ.

ગણેશની કથા અને આધુનિક સંશોધનો

આજથી થોડાં વર્ષ પહેલાં ડોલફિન અને ઘેટાં જેવા પ્રાણીમાં આ પ્રકારના ક્લોન બનાવામાં ઘણાં અંશે સફળતા પ્રાપ્ત થઈ હતી. ૧૯૯૭માં સ્કોટલેન્ડની યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ ખાતે રોઝલિન ઈન્સ્ટિટ્યુટના વૈજ્ઞાનિકોએ ઘેટાંમાંથી સેલન્યુક્લિયસને એક ઈંડામાં સ્થાપિત કર્યા અને એ જ વર્ષે આ સંશોધનને લોકો સમક્ષ મૂકવામાં આવેલું. વિજ્ઞાનની આ સિદ્ધિ લોકો માટે ભારે આશ્ચર્યની રહી. આ સંશોધકોને ઘેટાંના ક્લોન બનાવવામાં અદ્‌ભુત સફળતા પ્રાપ્ત થઈ. ત્યાર બાદ અન્ય ઘણા પ્રાણીઓમાં આ પદ્ધતિથી સંશોધન કરી ક્લોનિંગ બનાવવામાં સફળતા હાથે લાગી.

ગણેશજીનો જન્મ કદાચ આ પદ્ધતિથી થયો હોઈ શકે, પરંતુ આજના આધુનિક વિજ્ઞાનને હજુ માનવક્લોનિંગ બનાવવામાં સફળતા મળી નથી.

હવે ગણેશજીની આ કથાઓને વ્યવહારિક અને વાસ્તવિકતાની દૃષ્ટિએ અભ્યાસ કરીએ તો કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેમ કે...

૧. મનુષ્ય જાતિમાં સૌથી મોટી ગરદનનો પરિઘ ૪૮ સે.મી.ની આસપાસનો હોય છે અને જન્મ સમયે હાથીના બચ્ચાંની ગરદનનો પરિઘ ૧૨૦ સે.મી.ની આસપાસનો હોય છે. બન્ને ગરદનમાં આટલો વિશાળ તફાવત હોય તો માનવ ગરદન ઉપર હાથીનું માથું કેવી રીતે બેસાડી શકાય?

૨. હાથીની ચામડી મનુષ્યની ચામડી કરતાં ઘણી જાડી હોય છે. સામાન્ય રીતે મનુષ્યની ચામડી ૦.૫ મિલિમીટરથી ૪ મિલિમીટરની જાડાઈ ધરાવતી હોય છે.



તેની સામે હાથીની ચામડી ૨.૫ સેન્ટિમિટરથી ૪ સેન્ટિમીટર (૧.૫ ઇંચ) જેટલી જાડી હોય છે. તો આ અસામ્યતા શારીરિક પ્રક્રિયામાં એન્ટિજેન-એન્ટિબોડી પ્રતિક્રિયા નહીં કરતી હોય?

૩. માનવીના શરીરની ચામડીનો રંગ અને હાથીના શરીરની ચામડીનો રંગ એક-બીજાથી ઘણો અલગ છે. તો આ બન્ને રંગોની વચ્ચે સમાનતા કઈ રીતે સર્જી હશે?

૪. શું તે સમયે કોઈ વિશેષ ત્વચારોગ વૈજ્ઞાનિક પદ્ધતિ અસ્તિત્વમાં હતી? જેથી ત્વચાના આ ભેદને નષ્ટ કરી શકાઈ? શું આજે આવી કોઈ પ્લાસ્ટિક સર્જરી કે ડર્મેટોલોજિકલ સર્જરી શક્ય છે?

આવાં ઘણાં મુદ્દાઓનો આજના વૈજ્ઞાનિક સંશોધનો પાસે જવાબ માગ્યા તો અહો આશ્ચર્યમ્ !!!

શું એ સમયનું વિજ્ઞાન એટલું વિશાળ, ગૂઢ અને ઊંડાણ કે સૂક્ષ્મતા ધરાવતું હતું? હા, એ સમયના ઋષિઓ (ભારતીય વિજ્ઞાનિકો) પ્લાસ્ટિક સર્જરીમાં ઘણા અગ્રેસર હતા.

ભગવાન ગણેશને હાથીનું માથું મળ્યું તેને એક પ્રકારની પ્લાસ્ટિક સર્જરી કહી શકાય, તેને સમજીએ.

ગણેશજી - ઝેનો-ટ્રાન્સપ્લાન્ટ

ભગવાન શંકર દ્વારા વિનાયકનાં શરીરને હાથીનું મસ્તક અપાયું. આ પદ્ધતિ એટલે ઝેનો-ટ્રાન્સપ્લાન્ટ. અહીં ભગવાન શંકરને આપણે એક અતિ ઉચ્ચ કોટિના સર્જક કહી શકીયે.

વૈદિક પ્લાસ્ટિક સર્જનોએ ઝેનો-ટ્રાન્સપ્લાન્ટેશન, માનવ શરીર પર પ્રાણીઓનાં અંગો જોડવાનો વિપુલ પ્રમાણમાં અભ્યાસ કર્યો હશે. આ સાથે આપણાં શાસ્ત્રોમાં આવા અનેક ઉદાહરણો મળે છે - હનુમાનજીનું સિમિયન મસ્તક, નરસિંહ ભગવાનનું સિંહનું મસ્તક અને વરાહ ભગવાનનું વરાહનું મસ્તક નિર્દેશ કરી શકાય છે. વધુમાં અશ્વિનીકુમારો, દક્ષ વગેરે અને રાવણ જેવા દસ માથાવાળા રાક્ષસો પણ આના ઉદાહરણો છે.

પ્લાસ્ટિક સર્જનો જાણે છે કે, કોઈ અન્ય વ્યક્તિના અંગોનું બીજા વ્યક્તિમાં પ્રત્યારોહણ થતું હોય ત્યારે દર્દીના શરીરની રોગપ્રતિકારક શક્તિ પાંચ મિનિટની અંદર જ આ ક્રિયાની સામે પ્રતિક્રિયા આપી પ્રત્યારોહણ થઈ રહેલા અંગોની માંસપેશીઓ, રક્તવાહિનીઓ વગેરેને નકારવાનું શરૂ કરી દે છે.

તો પ્રશ્ન થાય કે ગણેશની રોગપ્રતિકારક શક્તિ કોઈ

પણ પ્રકારના પ્રતિકાર વગર પ્રાણીનું માથું કેવી રીતે સ્વીકાર કરે ?

ઝેનો-ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી, ભગવાન શિવે ગણેશજીને અમૃત પીવા માટે આપ્યું હોવાનું વિધાન જોવા મળે છે. આધુનિક સમયમાં કરવામાં આવતી ટ્રાન્સપ્લાન્ટ શસ્ત્રક્રિયાઓ દરમિયાન દર્દીને બૂસ્ટર એન્ટિ-રિજેક્શન દવાઓ આપવામાં આવે છે, જેથી તે દર્દીનું શરીર એન્ટિજેન (પ્રતિરોધક) પ્રતિક્રિયા ન કરે. તો અહીં શિવજીએ વિનાયકને આપેલ અમૃત આવી કોઈ દવા હોઈ શકે, જેથી વિનાયકનું શરીર એન્ટિજેન (પ્રતિરોધક) પ્રતિક્રિયા ન કરે.

થોડા સર્જરીને લાગતા-વળગતા નિયમો જાણી લઈએ, જેથી ઉપરના પ્રશ્નનું વધુ સચોટ સમાધાન મેળવી શકાય. અંગ પ્રત્યારોપણ માટે જે મુદ્દાઓ ધ્યાન ઉપર લેવાય છે તેમાં પ્રથમ મુદ્દો છે :

કેટલા સમયમાં આ પ્રક્રિયા થવી જોઈએ ?

શરીરના અલગ અલગ ભાગો માટે અલગ-અલગ સમય નિર્ધારિત હોય છે, પરંતુ જ્યારે ગરદન ઉપર નવું મસ્તક બેસાડવાનું હોય તો ગરદનની લોહીની નળીઓ સૂકાય કે ન્યુરોન અને મગજની પેશીઓ બંધ થાય કે સૂકાય તે પહેલા નવું મસ્તક જોડવું અનિવાર્ય બને છે. તેની સાથે આ મસ્તક કોઈ મૃત પ્રાણીનું હશે તો તેના ન્યુરોન અને માંસપેશીઓ સુકાયેલા અને મૃતઃપ્રાય હશે, જ્યારે જીવિત પ્રાણી કે મનુષ્યમાં તેના ન્યુરોન અને માંસ પેશીઓ કાર્યશીલ હોય છે. માટે જીવિત પ્રાણીનાં મસ્તકની આવશ્યકતા અને સમયની કમી હોવાના કારણે સૌપ્રથમ જીવિત પ્રાણી હાથી મળ્યો હોવાથી તેના માથાનું પ્રત્યારોપણ કર્યું.

બીજો મુદ્દો : પ્રત્યારોહણ માટેના અંગનો આકાર. નાનાં શરીરમાં મોટા અંગો પ્રત્યારોહણ થઈ શકે કે નહીં?

આધુનિક વિજ્ઞાનની મદદથી શરીરના અમુક અંગોમાં નાના બાળક ઉપર પુખ્ત વ્યક્તિના અંગો બેસાડે છે, જેથી માની શકાય કે પુખ્ત શરીરનાં અવયવો બાળકો માટે કામ કરી શકે છે. ઉદાહરણ તરીકે, પુખ્ત વયની વ્યક્તિની કિડની સમાન વયના દર્દી અથવા મોટા બાળકનાં શરીરમાં જે રીતે કામ કરે છે તેથી સારી રીતે તે હજુ ચાલતા શીખતાં શિશુ માટે વધારે કામ કરે છે. સામાન્ય રીતે પુખ્ત શરીરનાં યકૃતના લગભગ ૨૦ % ભાગને બાળકમાં ટ્રાન્સપ્લાન્ટ પણ કરે છે - કારણ કે આ અંગ પોતાની જાતે વિકસિત થઈ શકે છે. જો કે, હૃદય અને ફેફસાં જેવા અન્ય અવયવોનું કદ એકસરખું હોવું જરૂરી છે, તેથી પુખ્ત વયનું હૃદય કે ફેફસા જેવા અંગો બાળકમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાતા નથી. પરંતુ ઘણા સંશોધનો થઈ રહ્યા છે, તેથી ભવિષ્યમાં દરેક અંગો ગમે તે આકારના હોય તો પણ બેસાડી શકાશે.

અત્રે આ કથામાં પણ આવું જ કોઈક વિજ્ઞાન તે સમયે ઘણું એડવાન્સ કક્ષાએ હશે, જેના દ્વારા માનવબાળકની નાની ગરદન ઉપર વિશાળ હાથીના માથાનું પ્રત્યારોપણ શક્ય બન્યું હતું.

- આધુનિક ચિકિત્સા પદ્ધતિ **skin grafting**ની પદ્ધતિ દ્વારા શરીરની એક જગ્યાની સ્વસ્થ ચામડીને બીજી જગ્યાએ પ્લાસ્ટિક સર્જરી દ્વારા બેસાડવામાં સફળ રહી છે. આ પદ્ધતિમાં શરીરના જે ભાગમાં જાડી અને સ્વસ્થ ચામડી હોય તે ભાગમાંથી ટીસ્યૂ લઈને ઘા થયેલા ખરાબ ચામડીના સ્થાને તેને ભરવામાં આવે છે. જેમાં પ્રથમ ૨૪ કલાકમાં થોડો સોજા ચડે છે. આ પ્રક્રિયાના ૪૮-૭૨ કલાક તે સ્થાપિત કરેલ ભાગમાં રક્તપ્રવાહ માટેના જોડાણો વધે છે અને ૪-૭ દિવસમાં રક્તપ્રવાહ ફરી પહેલાની માફક સામાન્ય થાય છે.

આ શસ્ત્રક્રિયાના લગભગ ૨-૪ અઠવાડિયામાં શરીરના તે ભાગમાં સંવેદના પાછી આવી જાય છે, પરંતુ સંપૂર્ણ સંવેદનશીલતા આવવામાં મહિનાઓ અથવા વર્ષોનો સમય લાગી શકે છે. આ પ્રક્રિયામાં ચામડીનો રંગ પણ શરીરની અન્ય સ્થાનની સામાન્ય ચામડી સાથે મેળ ખાતો થઈ જાય છે. આમ ચામડીની જાડાઈ અને રંગ બંને સમયાંતરે સામાન્ય બની જાય છે. જો અત્યારે આ પ્રક્રિયા શક્ય હોય તો ગણેશજીને એ નૂતન મસ્તકની ચામડીની જાડાઈ અને રંગ સામાન્ય કરવાની પદ્ધતિ એ સમયે પણ શક્ય કેમ ના હોઈ શકે ? અને આપણે એવા ઘણા કિસ્સાઓથી માહિતગાર છીએ કે જેમાં પ્રાચીન ટેક્નોલોજી હાલ કરતા વધુ એડવાન્સ હતી. તેથી બીજો પ્રશ્ન ચામડીનો પણ વૈજ્ઞાનિક રીતે શક્ય હશે તેવું જણાય છે.

આજે, વિશ્વભરમાં અંગોની અછત સાથે, પ્રાણીઓના અવયવોનો ઉપયોગ કરવાનો વિકલ્પ સતત શોધવામાં આવે છે. જો સંશોધકો એન્ટિજેન-એન્ટિબોડી પ્રતિક્રિયા પર કાબુ મેળવી શકે, તો મનુષ્યો માટે પ્રાણીઓનાં શરીરના ભાગોનો ઉપયોગ વાસ્તવિકતા બની શકે છે.

અમુક પ્રાણીઓનાં અંગો મનુષ્યમાં ઉપયોગમાં લેવાય છે. જેમ કે મનુષ્યના હૃદયના વાલ્વ માટે ડુક્કરના હૃદયના વાલ્વનો ઉપયોગ થાય છે. આવા જ કોઈક ઉદાહરણને ધ્યાનમાં લઈ ભગવાન ગણેશના સાથીને ઉંદર તરીકે દર્શાવવામાં આવ્યો છે. મોટાભાગના ટ્રાન્સપ્લાન્ટ સંશોધન ઉંદર પર કરવામાં આવે છે. તેમાં સફળતા મળ્યા બાદ મનુષ્યો પર પ્રયોગ થાય છે. ઉંદરને ગણેશજીના વાહન તરીકે આ હેતુ સાથે દર્શાવવામાં આવ્યો હોઈ શકે.

ગણેશજી ઉપર થયેલા આ પ્રકારના ઓપરેશન બાદ કેટલાક પરિવર્તનો તેમનાં શરીર ઉપર દેખાય છે.

ભગવાન ગણેશ મેદસ્વી દેખાય છે. ખાસ કરીને તેમના પેટ અને છાતીનો ભાગ મેદસ્વી દર્શાવાય છે. સામાન્ય કિસ્સાઓમાં ટ્રાન્સપ્લાન્ટ સર્જરી દરમિયાન એન્ટિજેન-એન્ટિબોડી પ્રતિક્રિયા પર કાબૂ મેળવવા માટે લગભગ તમામ દર્દીઓને સ્ટીરોઈડની દવાઓ આપવામાં આવે છે, જેના કારણે મનુષ્ય સ્થૂળ થતા હોય છે. તો અહીંયા વિનાયક ઝેનો-ટ્રાન્સપ્લાન્ટ પછી લાંબા ગાળાના સ્ટેરોઈડના ઊંચા સ્ટેજ ઉપર હોઈ ન શકે ? કારણ કે આ પ્રકારના શરીરનું વર્ણન આપણા બીજા દેવતાઓમાં જોવા મળતું નથી.

ભૂતકાળમાં 'ઝેનો-ટ્રાન્સપ્લાન્ટ' માથાનું પ્રત્યારોપણનું વિજ્ઞાનસાહિત્ય વર્ણવેલ કલ્પનાનું ઉત્પાદન હતું તેવી માન્યતાઓ બહોળા પ્રમાણમાં હતી. તેમ છતાં, હવે સમય બદલાઈ ગયો છે. અંગનો દાતા દર્દી અને પ્રાપ્ત કરનાર દર્દીના કરોડરજ્જુના સંબંધમાં ફ્યુઝનની અસમર્થતાને કારણે માનવ સેફાલોસોમેટિક, એનાસ્ટોમોસિસ અને ટ્રાન્સપ્લાન્ટેશન જેવી સમસ્યાને પાર કરી ઝેનો-ટ્રાન્સપ્લાન્ટ કરવું અશક્ય હતું, પરંતુ હવે 'કેનાવેરો એટ અલ' નામના વૈજ્ઞાનિક અનુસાર, તાજેતરમાં અલ્ટ્રાશાર્પ ન્યુરોસર્જિકલ બ્લેડ, ફ્યુસોજેન્સનો અને ઈલેક્ટ્રોસ્ટીમ્યુલેશન જેવા આધુનિક ચિકિત્સા ઉપકરણો અને પદ્ધતિથી આ અવરોધનો સામનો કરી શકાય છે. જેના દ્વારા ઝેનો-ટ્રાન્સપ્લાન્ટ જેવી પડકારજનક શસ્ત્રક્રિયાને શક્ય બનાવી શકાય છે.

સનાતન ધર્મ આટલો વૈજ્ઞાનિક, તાર્કિક હોવા છતાં વિડંબના એ છે કે પ્લાસ્ટિક સર્જરીની શોધ ભારતમાં વૈદિક કાળમાં થઈ હતી તે સાબિત કરવા માટે અનેક સંઘર્ષો કરવા પડે છે. પ્રાચીન સમયના સુશ્રુત(૯૦૦-૧૦૦૦ BCE)ને સર્જરી અને પ્લાસ્ટિક સર્જરીના સ્થાપક પિતા તરીકે માનવામાં આવતા હતા. સુશ્રુત સંહિતામાં તેઓ નાક, કાનના પડદા અને જનનેન્દ્રિયને પુનઃનિર્માણ કરવા માટેની સર્જિકલ તકનીકોનું વર્ણન કરે છે. તેણે કપાળની ફ્લૅપ રાયનોપ્લાસ્ટી સર્જરી તેમજ ગાલની ચામડી સાથે કાનના લોબને પુનઃનિર્માણ માટે ઓટોપ્લાસ્ટિક તકનીક વિકસાવી, જે પ્લાસ્ટિક સર્જરીની દુનિયામાં આજે પણ પ્રમાણભૂત છે.

નક્કર અંગ પ્રત્યારોપણ કરવું એ આજે સામાન્ય વાત છે અને લગભગ કોઈ પણ અંગ ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે. તાજેતરમાં ફેસ ટ્રાન્સપ્લાન્ટના કિસ્સાઓ જોવા મળ્યા હતા. જો કે હેડ ટ્રાન્સપ્લાન્ટ એ તમામ ટ્રાન્સપ્લાન્ટમાં સૌથી જટિલ છે. આજે સામાન્ય માનવી સમજે છે કે માથાના ઝેનો-ટ્રાન્સપ્લાન્ટનો ઉપયોગ થવાની શક્યતા નથી અને તે માત્ર ભગવાન ગણેશ જેવી પૌરાણિક કથાઓ સુધી જ મર્યાદિત રહી શકે છે. પરંતુ આવા પ્રયોગો પણ હાલમાં થયા છે. આવા થોડા પ્રયોગો વિશે જાણીએ.

૧૯૦૮માં ચાર્લ્સ ગુથરીએ એક કૂતરાના માથાને બીજા કૂતરાની ગરદન ઉપર ટ્રાન્સપ્લાન્ટ કરવાનો પ્રયાસ કર્યો.

૧૯૫૦માં વ્લાદિમીર ડેમિખોવે કૂતરાઓમાં મહત્વપૂર્ણ અંગો અને અંગોના પ્રત્યારોપણને લગતી ઘણી સર્જિકલ તકનીકો વિકસાવી.

ડેમિખોવના પ્રયોગમાંથી
બે માથાવાળો કૂતરો.
(કોન્સ્ટેન્ટિનોવ પદ્ધતિથી પુનઃમુદ્રિત)



૧૯૭૦ના દાયકામાં રોબર્ટ વ્હાઈટે એક વાંદરાના શરીર પર રીસસ પ્રકારના વાંદરાના માથાને ટ્રાન્સપ્લાન્ટ કરીને વાંદરામાં પ્રથમ સેફાલિક એક્સચેન્જ ટ્રાન્સપ્લાન્ટેશન કર્યું હતું. આ સર્જરી પછી તે વાંદરો પ્રત્યારોપણ કરાયેલા માથાના ચહેરાથી ગંધ, સ્વાદ, શ્રવણ જેવા અનેક કાર્ય સામાન્ય રીતે કરતો થકો ૮ દિવસ સુધી જીવતો રહ્યો.

વ્હાઈટના મૂળ કાગળમાંથી, કેરોટિડ અને જ્યુગ્યુલર જહાજોના સીધા સિવિન દ્વારા અલગ વાનરનાં શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયેલ અલગ પ્રાઈમેટ સેફાલોન દર્શાવે છે. (વ્હાઇટ ૧૯૭૧થી પુનઃમુદ્રિત)

હીરાબાયાશી એટ અલ, સિગવારા એટ અલ અને નિયુ એટ અલ નામના વૈજ્ઞાનિકોએ ઇસ્કેમિયા પછી મગજનાં કાર્યનું મૂલ્યાંકન કરવા માટે ઉંદરોમાં માથું ટ્રાન્સપ્લાન્ટેશન કર્યું. વધુમાં, રેન એટ અલ નામના વિજ્ઞાનિકે માઉસ મોડેલમાં હેડ ટ્રાન્સપ્લાન્ટેશન માટે સર્જિકલ અભિગમનું વર્ણન કર્યું છે. અંતે, કેનેવેરો એસ એટ અલ નામના વૈજ્ઞાનિકે મનુષ્યમાં માથાના પ્રત્યારોપણ માટે એક મોડેલનું વર્ણન કર્યું.



હેડ ટ્રાન્સપ્લાન્ટેશનના માઉસ મોડેલમાં જ્યુગ્યુલર-કેરોટિડ ક્રોસ સર્કયુલેશન. (b) ક્રોસ સર્કયુલેશન સાથે પ્રથમ વાંદરાના માથાનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું. (રેન ૨૦૧૬થી પુનઃમુદ્રિત)

૨૦૧૭માં રેન એટ અલ નામના વૈજ્ઞાનિકે મૃત માનવ શરીરનો ઉપયોગ કરીને સેફાલોસોમેટિક એનાસ્ટોમોસિસ (કરોડરજ્જુ અને મસ્તકને જોડવાની) પ્રક્રિયા કરવામાં સફળ રહ્યા. ઉપરોક્ત ઉલ્લેખિત પેપર્સ અહેવાલો, પ્રયોગો, સર્જિકલ તકનિકો અથવા તો પેટન્ટની રચના કરે છે જે પ્રથમ માનવ માથાના પ્રત્યારોપણનો સંપર્ક કરવાના પ્રયાસમાં ઐતિહાસિક, સૈદ્ધાંતિક અને વ્યવહારુ પૃષ્ઠભૂમિ નક્કી કરે છે.

કેનાવેરો નામના એક વૈજ્ઞાનિકે શુક્રવાર, નવેમ્બર ૧૭, ૨૦૧૭ના રોજ વિયેનામાં એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી કે, ચીનમાં તેમના સાથીદાર ઝિયાઓપિંગ રેનની આગેવાની હેઠળની એક સર્જિકલ ટીમે માનવ મૃતદેહનું મસ્તક બીજા માનવીય મૃત શરીરમાં પ્રસ્થાપિત કર્યું છે. આ પ્રેસ કોન્ફરન્સમાં મેવેરિક નામના સર્જને જણાવ્યું હતું કે, 'ચીનની હાર્બિન મેડિકલ યુનિવર્સિટીની એક ટીમની આગેવાનીમાં આ સર્જરીની વિગતો સર્જિકલ જર્નલ દ્વારા થોડા જ દિવસોમાં જાહેર કરવામાં આવશે.' આ સાથે તેઓએ ઉમેર્યું હતું કે, મૃત માનવ શરીર આ પ્રકારનું પ્રત્યારોપણ પ્રથમ વખત કરવામાં આવ્યું છે. તે આગળ કહે છે, જીવંત મનુષ્ય ઉપર આગામી સમયમાં આ પ્રકારની સર્જરી સફળ થઈ શકશે.

વૈજ્ઞાનિકો મુજબ આ સર્જરી માટે ૧૮ કલાકનો સમય લાગ્યો હતો. તે પરિણામોથી સંપૂર્ણપણે સંતુષ્ટ છે. આ તમામ વૈજ્ઞાનિક પુરાવાથી સાબિત થાય છે કે, આપણાં પુરાણોમાં વર્ણવાયેલી આ ગણેશજીની કથાઓ પૂર્ણ રીતે વૈજ્ઞાનિક અને સત્ય છે.

માથાના પ્રત્યારોપણમાં આધુનિક ચિકિત્સાવિજ્ઞાન ભલે આજે પાપાપગલી પાડી રહ્યું છે, પરંતુ ભારતીય પ્રાચીન વિજ્ઞાન કે વૈદિક વિજ્ઞાન આ વિષયમાં કૌશલ્ય પ્રાપ્ત કરી ચૂક્યું હતું. કેટલાક લોકો આપણી આ વૈદિક વિરાસતને એક ભ્રમણા કે મિથ કે કલ્પના સમજે છે. પરંતુ જેમ જેમ વિજ્ઞાનનો વિકાસ થતો જાય છે તેમ તેમ આજે તેમની આંખો ઉપરથી આ અંધકારની પટ્ટીઓ દૂર થતી જાય છે અને વૈદિક વિજ્ઞાન પ્રત્યે અહોભાવ અનુભવવા મજબૂર થઈ જાય છે. આજે જ્યારે એક શરીર ઉપર પ્રત્યારોહણ થઈ રહેલું મસ્તક ભિન્ન રૂપ, રંગ, કદ જેવા એનેક વિરોધાભાસ ધરાવતું હોવા છતાં પરિક્ષણ સફળ બન્યા છે, ત્યારે માણસના શરીર ઉપર હાથીનું માથું બેસાડવું કે ઘોડાનાં શરીર ઉપર માણસનું માથું બેસાડવું એ વિજ્ઞાન પણ હવે એક વેંત છેટું જ છે. અસ્તુ!!!

સમાચાર દર્શન

ગુરુપૂર્ણિમાં મહોત્સવ

ગુરુપૂર્ણિમા મહોત્સવ એટલે વ્યાસપુજનનો અવસર, ભારતીય સંસ્કૃતિના મહાન ઋષિઓને પૂજનવાનો અવસર, વેદાદિક શાસ્ત્રોના રક્ષણ-પોષણ માટે જીવન સમર્પિત કરનારા મહાપુરુષોના પૂજનનો મહોત્સવ. આ મહોત્સવ ભારતવર્ષનો અતિ મહત્ત્વનો મહોત્સવ છે. આજના દિવસે શિષ્યો ભગવાન સાથે ભેટો કરાવનારા ગુરુઓનું પૂજન કરે છે અને ધન્યતા અનુભવે છે. ૨૩ જૂલાઈ, ૨૦૨૪ના રોજ **SGVP** ખાતે અનેરા ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવ પૂર્ણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

SGVPના ગ્રાઉન્ડમાં તૈયાર કરવામાં આવેલ વિશાળ સભામંડપમાં ધામધૂમથી ઠાકોરજી, પાદુકા તથા સદ્‌ગુરુ સંતો પધાર્યા ત્યારે ઉપસ્થિત ભક્તો તાળીઓના તાલે ઝૂમી ઊઠ્યા. સદ્‌ગુરુઓ પોતાના સ્થાને બિરાજતા જ વિદ્યાર્થીઓ દ્વારા સંતોનું સ્વાગતનૃત્ય થયું. સંતો દ્વારા ગુરુણામ્‌ગુરુ ભગવાન શ્રીહરિ, ભગવાન વેદ, પ્રસાદીભૂત ચાખડી તેમજ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્‌ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાનું ભાવપૂજન થયું હતું.

ત્યારબાદ સંતો, ટ્રસ્ટિ મંડળ તેમજ આગેવાન ભક્તજનોએ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીનું પૂજન કરી ગુરુપૂજનની શરૂઆત કરાવી હતી.

આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'મનુષ્યને ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. સાચા ગુરુની પ્રાપ્તિ થવાથી આ ભવસાગર સુખપૂર્વક પાર થઈ જવાય છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીથી માંડી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સુધીની આપણી ગુણાતીત સંત પરંપરા આપણને પ્રાપ્ત થઈ છે, જે આપણા ખૂબ મોટા ભાગ્ય છે.'

પૂજ્ય સ્વામીજીએ સનાતન પરંપારનું રહસ્ય જણાવતા કહ્યું હતું કે, વેદ અપૌરુષેય છે. વેદને અનુસરનારી પરંપરાને વૈદિક કહેવાય છે. જે સંપ્રદાય વેદધર્મને અનુસરે છે તે વૈદિક સંપ્રદાય કહેવાય. જે વેદને ન અનુસરે તે પંથ કહેવાય. વિશાળ ભાગીરથીના કિનારે અનેક ઘાટો હોય છે. એ જ રીતે વેદરૂપી સરિતાને કિનારે સંપ્રદાયરૂપી ઘાટ વેદની શોભારૂપ છે. ભગવાન શ્રીસ્વામિનારાયણની પરંપરા વેદને અનુસરનારી છે. સાથે સાથે આપણી ગુણાતીત સંત પરંપરા પણ વેદધર્મને અનુસરીને આપણને પ્રેરણાના પીયુશ પાયા છે.''

ઉપરાંત દેશ-પરદેશથી વિશાળ સંખ્યામાં ગુરુપૂજન કરવા પધારેલા ભક્તજનોને હોંશ હોય કે આજે પ્રત્યક્ષ ગુરુપૂજન કરવાનો લ્હાવો મળે. સૌના હૃદયની ભાવના પૂર્ણ કરતા એકેએક ભક્તજનોએ સંતો પાસે આવી ફૂલહાર, સાકર-નારિયાળ, સુકામેવાના હાર વગેરે દ્વારા સદ્‌ગુરુઓનું પૂજન કરી ધન્યતા અનુભવી હતી. અંતે મહોત્સવના યજમાનોને સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, લંડન

એસ.જી.વી.પી. ગુરુકુલ - અમદાવાદની શાખા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર - યુ.કે. દ્વારા લંડન ખાતે પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં છેલ્લા ૧૭ વર્ષથી હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. આ સેમિનારનો લાભ લેવા યુ.કે.ના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો પધારે છે અને હિંદુ ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ વર્ષે પણ પૂજ્ય સ્વામીજીના આશીર્વાદ સાથે તા. ૩૧ જુલાઈ થી ૪ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન પંચદિનાત્મક 'હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈ.સ. ૨૦૨૬માં 'શિક્ષાપત્રી' ગ્રંથ રચનાને બસો વર્ષ પૂર્ણ થતા હોવાથી આ વર્ષે સેમિનારની થીમ 'શિક્ષાપત્રી' આધારિત રાખવામાં આવી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં 'પોતાના આશ્રિતોને દર્શાવેલી દિનચર્યા'ને દર્શાવતું વેલકમ સુશોભન કરવામાં આવ્યું હતું. અહીં દિનચર્યાને સરળતાથી સમજી શકાય તે રીતે નાનકડા પૂતળાઓનું પ્રદર્શન તથા કાપડ ઉપર શિક્ષાપત્રીના મૂળ સંસ્કૃત શ્લોકો તથા અંગ્રેજીમાં ભાષાંતરનું આલેખન યુવાનોએ સ્વહસ્તે

કર્યું હતું. સભામંડપમાં પણ ભારતીય ભાતીગળ સંસ્કૃતિનું દર્શન થાય તે રીતે સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું. આ સુંદર સુશોભન કરવામાં લંડનમાં વસતા યુવાન ભાઈ-બહેનો તથા બાળકોએ ખૂબ જ પુરુષાર્થ કર્યો હતો.

પૂજ્ય સ્વામીજીએ પાંચ દિવસ સુધી દરરોજ ભારતથી ઓનલાઈન જોડાઈને 'શિક્ષાપત્રીની વૈદિકતા'ને આધારે તેમજ ભક્તજનોના મનમાં ઉઠતા પ્રશ્નોના સમાધાન કરીને સત્સંગ લાભ આપ્યો હતો.

સ્વામીશ્રીએ શિક્ષાપત્રી ગ્રંથના પ્રથમ શ્લોકને મધ્યમાં રાખીને વૈદિક હિંદુ ધર્મના મહત્વને સમજાવતા કહ્યું હતું કે, ''આપણો ધર્મ સનાતન છે, એનો આદિ અને અંત નથી. સનાતન ધર્મ સૌથી પ્રાચીન હોવા છતાં નિત્ય નૂતન છે. જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે. સનાતન ધર્મ લોકોને આ લોકમાં પણ સુખી કરે છે એટલે કે ભૌતિક રીતે ઉન્નતિ આપે છે અને પરલોકમાં પણ સુખી કરે છે. સત્શાસ્ત્રો અને સંતોના યોગે કરીને આજે સનાતન ધર્મ અડીખમ ઊભો છે. સનાતન ધર્મના અનેક મહાન ગ્રંથો છે, જેને આપણે જ્ઞાનનો ભંડાર કહી શકીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણે પૂર્વાપરની દૃષ્ટિથી એ તમામ શાસ્ત્રોના સાર સ્વરૂપ નાનકડો ગ્રંથ શિક્ષાપત્રી પ્રદાન કરી માનવજાતને મહાન ભેટ આપી છે. શિક્ષાપત્રી સાડા ત્રણસો ઉપરાંત ગ્રંથના સાર રૂપ છે. આ ગ્રંથને અનુસરવાથી આપણી જન્મ-જન્માન્તરની વાસના નષ્ટ થાય છે અને શ્રીહરિ પ્રસન્ન થાય છે.''

આ સેમિનારમાં પૂજ્ય રામસુખદાસજી સ્વામીએ પ્રસંગોપાત પ્રેરણાદાયી વાતો કરી આશીર્વાદ પ્રદાન કર્યા હતા. સ્વામી ભક્તિવેદાંતદાસજીએ શિક્ષાપત્રીના શ્લોકો ઉપર મનનીય પ્રવચનો કરી ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાઓના હાર્દને સમજાવ્યા હતા. યુવાન સંતો શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી, શાસ્ત્રી નિરંજનદાસજી સ્વામી, શાસ્ત્રી વિશ્વમંગલદાસજી સ્વામી, શાસ્ત્રી શુકવલ્લભદાસજી સ્વામીએ શિક્ષાપત્રીના વિવિધ વિષયો ઉપર શાસ્ત્રીય વ્યાખ્યાનો રજૂ કરી મંગલ પ્રેરણાઓ આપી હતી.

આ સેમિનાર દરમિયાન શનિવારે સવારે સુંદરકાંડનો પાઠ તેમજ રવિવારે સવારે મહાદેવજીના પૂજન સાથે પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો, જેમાં ભક્તોજનો ખૂબ જ ભક્તિભાવથી જોડાયા હતા.

આ સેમિનાર દરમિયાન નાના બાળકો તેમજ યુવાનોએ ખૂબ જ રોચક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. નાના બાળકોએ સંસ્કૃત શ્લોકો, ગુજરાતી કાવ્યો તેમજ કથાઓ રજૂ કરી હતી. તદુપરાંત 'ભારત ભાગ્ય વિધાતા' નૃત્યનાટીકા, 'ભક્તરાજ અભેસિંહની ટેક' રૂપક, લોકડાયરા જેવી કૃતિઓ રજુ કરી પ્રેક્ષકોને ખૂબ જ પ્રસન્ન કર્યા હતા. એ જ રીતે રવિવારે મધ્યાહ્ન કાળે નાની બાલિકાઓ તેમજ યુવાન બહેનોએ પોતાની કલા રજૂ કરી હતી. જેમાં વિવિધ પ્રકારના નૃત્યો, રાસ, ગરબા તેમજ કીર્તન ગાન રજૂ થયા હતા.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારની એક અનોખી પ્રવૃત્તિ હતી 'યૂથ કેમ્પ'. જેમાં બાળકોને વિવિધ પ્રકારના પ્રેઝન્ટેશન, વાર્તા કથન, કીર્તન ગાન, ઈન્ડોર તથા આઉટડોર ગેમ્સ દ્વારા ભારતીય સંસ્કૃતિના સુંદર સંસ્કાર આપવામાં આવતા હતા.

આ કાર્યક્રમમાં પધારનારા ભક્તજનોને ભોજન પ્રસાદની વ્યવસ્થા તથા વિવિધ આયોજનોને સફળ કરવા માટે ગુરુકુલ પરિવારના યજમાનો તેમજ સ્વયંસેવક ભાઈ-બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ગુરુકુલ પરિવારના સ્વયંસેવકોના રાત્રિ-દિવસના પુરુષાર્થે કરીને 'હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર' સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

આ સેમિનારને માણવા માટે અનેકક્ષેત્રના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિવિધ ધાર્મિક તેમજ સામાજીક સંસ્થામાંથી આગેવાનો, રાજદ્વારેથી મેયર, પૂર્વ મેયર, કાઉન્સિલર, ઉપરાંત લંડન, ઈસ્ટ લંડન, વુલ્વીચ, કેન્વી આઈલેન્ડ, લેસ્ટર, નોર્ધમ્પ્ટન, બર્મીંગહામ, બોલ્ટન, ઓલ્ડહામ, કાર્ડિફ, બાથ જેવા યુ.કે.ના વિવિધ વિસ્તારોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનસત્ર - ૪૮

ભગવાન શ્રીસ્વામિનારાયણના સર્વજીવહિતાવહ સેવાપ્રવૃત્તિઓને વેગ આપતા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદની સ્થાપનાને ૪૮ વર્ષ પૂર્ણ થયા. એ સાથે સાથે ગુરુદેવ દ્વારા પ્રવર્તાવેલ જ્ઞાનસત્રને પણ ૪૮ વર્ષ પૂર્ણ થયા. દર વર્ષે શ્રાવમ માસને વિશે યોજાતો જ્ઞાન-ભક્તિભીનો આ જ્ઞાનસત્ર વહેતી ભાગીરથીની જેમ અનેક જીવોને પાવન કરી રહ્યો છે. પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીના સાંનિધ્યમાં તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં આ વર્ષે તારીખ ૬ થી ૧૨ ઓગષ્ટ દરમિયાન જ્ઞાનગંગા વહેવડાવતો જ્ઞાનસત્ર યોજાયો.

ગુરુકુલના પાયામાં ભજન ધરબાયેલું છે. માટે જ જ્ઞાનસત્રના પ્રારંભે તા. ૪ ઓગષ્ટના રોજ વડતાલધામ દ્વિશતાબ્દિ મહોત્સવને અનુલક્ષીને અમદાવાદ ગુરુકુલ ખાતે ૭૦૦ ભક્તો દ્વારા અખંડ ૧૨ કલાક સુધી એક લાખ પાંચ હજાર વંદુના પાઠ થયા. ત્યાર બાદ તારીખ ૫-૬ ઓગષ્ટના રોજ ૪૮ કલાકનો જપયજ્ઞ યોજાયો. આ

ભજનની સરવાણીમાં ખૂબ મોટ સંખ્યામાં ભક્તોએ રાત્રિ-દિવસ અખંડધૂન કરી મહારાજ તથા સંતોનો રાજીપો મેળવ્યો.

૬ ઓગષ્ટના રોજ ધૂનની પૂર્ણાહુતિ બાદ પોથીયાત્રા સાથે જ્ઞાનસત્રનો પ્રારંભ થયો. આ જ્ઞાનસત્રમાં શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું આયોજન કર્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીએ સત્સંગિજીવન અંતર્ગત ૧૨ સદ્‌ગુરુ સંતોના જીવનકવનનું ભાવાત્મક શૈલીથી શ્રવણ કરાવ્યું હતું. સાથે સાથે વક્તા તરીકે શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામીએ સત્સંગીજીવનની વિવિધ કથાનું શ્રવણ કરાવ્યું હતું.

આ સાથે યુવાન સંતો પૂજ્ય વિશ્વવિહારી સ્વામી, પૂજ્ય ધર્મવત્સદાસજી સ્વામી, પૂજ્ય દર્શનપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય વિશ્વમંગલદાસજી સ્વામી, પૂજ્ય ગુણસાગરદાસજી સ્વામી, પૂજ્ય બ્રહ્મવિહારીદાસજી સ્વામીએ વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનમાળામાં મનનીય પ્રવચન કર્યા હતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીથી માંડી અત્યાર સુધીની ગુણાતીત ગુરુ પરંપરાના સંતોની ગૃહત્યાગની કથા અને એમના પૂર્વાશ્રમના પરિવાર દ્વારા સંતોનું પૂજન થયું એ અવસર સહુ માટે યાદગાર બની રહ્યો. આ ઉપરાંત પ્રસંગોપાત્ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જ્ઞાનસત્રાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

ગૌરીપૂજન : **SGVP** દ્વારા દર વર્ષે ગૌરીપૂજન સ્વરૂપે મોટી સંખ્યામાં મેડીકલ, સી.એ., એન્જિનિયર તથા અન્ય ક્ષેત્રે અભ્યાસ કરનારી દીકરીઓને વર્ષ દરમિયાન થતો અભ્યાસખર્ચ સંસ્થા દ્વારા અપાય છે. આ ઉપક્રમે ખાસ આયોજિત ગૌરીપૂજન પ્રસંગે ૧૦૮ ઉપરાંત દીકરીઓને શિક્ષણસહાય અર્પણ કરી ગૌરીપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત સહુ ભાઈ-બહેનોએ આ પ્રસંગને તાલીઓના નાદથી વધાવી લીધો હતો.

ગુરુકુલના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ, ભક્તજનો તથા બહેનો ભક્તો દ્વારા સંસ્થામાં વિદ્યાસહાય અર્પણ કરાઈ ત્યારે સંતોએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. દરવર્ષની જેમ આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૦૦ ઉપરાંત ભક્તોએ બ્લડ ડોનેશન કરીને ખૂબ મોટી સેવા કરી હતી.

વિવિધ આયોજનો સભર સાત દિવસના જ્ઞાનસત્ર દરમિયાન સહુ સંતો-ભક્તોએ જ્ઞાન-ભક્તિનું ભાથું ભર્યું હતું. જ્ઞાનસત્રનાં સમાપન પ્રસંગે સદ્‌ગુરુ સંતોએ મુખ્ય યજમાન તથા સહ યજમાનશ્રીઓને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

તપસ્વી વિદ્યાર્થીઓને આશીર્વાદ

ચાતુર્માસના પ્રારંભે ગુરુકુલમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓ સંતોના જીવનમાંથી પ્રેરણા લઈ તપશ્ચર્યામાં જોડાયા. જેમાં અમદાવાદ ગુરુકુલના ૨૧૦ વિદ્યાર્થીઓ, ધર્મજીવનમ્ હોસ્ટેલના ૪૦ વિદ્યાર્થીઓ તથા દર્શનમ્‌ના ૩૦ ઋષિકુમારોએ વિવિધ ચાંદ્રાયણ, ધારણાપારણા, માસોપવાસ જેવા વ્રત કરીને શ્રીજી મહારાજ તથા સંતોની પ્રસન્નતા મેળવી. સૌ તપસ્વી વિદ્યાર્થીઓને સદ્‌ગુરુ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી પ્રવિણભાઈ વલ્લભભાઈ વોરા :- ગામ રંગપુર, હાલ અમેરિકા નિવાસી પ.ભ. શ્રી પ્રવિણભાઈ વોરા તા. ૨૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. મોટા સંતોની અનહદ કૃપા આ પરિવાર ઉપર વરસી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને ભક્તિ આ પરિવારને વારસામાં મળી છે. ભગવાનબાપા, વલ્લભબાપાના જીવન એકાંતિક ભક્તની ગરજ સારે તેવા હતા. આજે પણ આ પરિવાર ગુરુકુલ સાથે સમર્પિત ભાવે સ્નેહથી જોડાયેલો. નાના મોટા દરેક સભ્યો ગુરુકુલમાં ખૂબ સેવાઓ કરે છે. પ્રવિણભાઈનું જીવન પણ ખૂબ ભક્તિથી ભરેલું હતું. એમની સમજણ અનોખી હતી. ભગવાન શ્રીહરિ પ્રવિણભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્ર હર્ષ, ધીરૂભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રાજાભાઈ લોહોણા :- મુંબઈ નિવાસી પ.ભ. શ્રી રાજાભાઈ લોહાણા તા. ૯ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. એકાંતિક ભક્ત, મહારાજ સિવાય કોઈ વાત નહીં, મહારાજમાં મગ્ન રહેનારા રાજાભાઈએ ઉચ્ચ સમજણ સાથે

જીવન વિતાવ્યું. એમની સેવા, એમની ભક્તિ, સંતો પ્રત્યે હેત, મહારાજમાં નિષ્ઠા અજોડ રહ્યા. એમના વડવાઓ કલ્યાણજી કરમશી દામજી પરિવાની મુંબઈ-ભુલેશ્વર મંદિર નિર્માણમાં ખૂબ સેવાઓ રહી. રાજાભાઈને ગુરુકુલ અને સંતો સાથે અપાર સ્નેહ, પૂજ્ય સ્વામીજી અને બાલકૃષ્ણદાસજી સ્વામી સાથે જીવનો નાતો. અઠવાડિયે ફોન ઉપર સત્સંગ થાય પછી જ એમને હૃદયમાં શાતા થાય. છેલ્લા દિવસે પણ પૂજ્ય સ્વામીજી સાથે વાત કરી અને ધામમાં જવાની રજા લીધી. આવા એકાંતિક સ્થિતિને પામેલા રાજાભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સુપુત્ર બ્રિજેશ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી જાદવભાઈ પોપટભાઈ ભંડેરી :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી જાદવભાઈ ભંડેરી તા. ૧૮ જુલાઈ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. નિષ્ઠા અને ભક્તિ સાથે જોડાયેલા આ પરિવારની સેવા ગુરુકુલમાં ખૂબ રહી છે. જાદવભાઈ ખૂબ સારા ભક્ત હતા અને પરિવારમાં સારા સંસ્કાર પણ પ્રદાન કર્યા છે. ભગવાન શ્રીહરિ જાદવભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા કાંતિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ડાયાભાઈ મનજીભાઈ સેંજલિયા :- ગુરુકુલમાં સમર્પિત સંત શ્રી દિવ્યપ્રકાશદાસજી સ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી પ.ભ. શ્રી ડાયાભાઈ સેંજલિયા તા. ૩ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ડાયાભાઈનો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. એમણે એક પુત્ર ભગવાનની સેવામાં અર્પણ કરીને ખૂબ મોટું સમર્પણ કર્યું છે. ભગવાન શ્રીહરિ ડાયાભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્ર ભૌતિક વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધરમશીભાઈ બેચરભાઈ કથગરા :- મોરબી નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા ધરમશીભાઈ તા. ૨૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ધરમશીભાઈ ખૂબ સારા સત્સંગી હતા. ભગવાન શ્રીહરિ ધરમશીભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા જતિનભાઈ, વિજયભાઈ વગેરે સર્વ પરિવાનને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. કાજલબેન રાજેશભાઈ કથીરિયા :- સુરત નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા રાજેશભાઈના ધર્મપત્ની શ્રી કાજલબેન ૧૪ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કાજલબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ રાજેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કેશરબાઈ દેવશીભાઈ હીરાણી :- ગામ ભારાસર નિવાસી શ્રી કેશરબાઈ તા. ૨૪ જુલાઈ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલના સેવાકાર્યો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ કેશરબાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ રામજીભાઈ, કાનજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી જીતુભાઈ આણદાણી, અમદાવાદ
પ.ભ. શ્રી શ્રેય મનીષભાઈ આચાર્ય, અમદાવાદ
અ.નિ. શ્રી વલ્લભભાઈ ખીચડ્યા. હ. નારાયણભાઈ
પ.ભ. શ્રી જીવરાજભાઈ સુદાણી, અમદાવાદ
પ.ભ. શ્રી ગોવિંદભાઈ રાઘવાણી, લંડન
પ.ભ. શ્રી હિંમાશુ રાજા, અમદાવાદ
પ.ભ. શ્રી શ્રેય મનિષભાઈ આચાર્ય, અમદાવાદ
પ.ભ. શ્રી કિરીટભાઈ કાળિદાસ ઠક્કર, અમદાવાદ
પ.ભ. શ્રી મનસુખભાઈ સવજીભાઈ કોલડિયા, આંબા
પ.ભ. શ્રી રાજયગુરુ હરિવંશ, સુરત
શ્રી દેવર્ષસિંહ તથા દેવજસિંહ અસવાર, ધર્મજીવન હોસ્ટેલ
પ.ભ. શ્રી રવીન્દ્રાંજલિ ત્રિવેદી, કેનેડા
પ.ભ. શ્રી પી.બી. ભાટિયા, જામજોધપુર
પ.ભ. શ્રી વત્સલભાઈ ગોર, અમદાવાદ
અ.નિ. શ્રી મુકુંદભાઈ નાગરભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ત્યાગ કલ્પેશભાઈ સિંગાળા, ધર્મજીવન હોસ્ટેલ
પ.ભ. શ્રી વિપુલભાઈ કથિરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ગોદવિંદભાઈ વેકરિયા, અમદાવાદ
શ્રી પ્રીતિબેન ડાવરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ભરતભાઈ બાબરિયા
પ.ભ. શ્રી કિરીટભાઈ હપાણી, અમદાવાદ
પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ હરિલાલ પટેલ, મોખાસણ
પ.ભ. શ્રી હરજીભાઈ લાલજીભાઈ હિરાણી, બળદિયા
પ.ભ. શ્રી મુકેશભાઈ દયાળજીભાઈ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૧/૦૯/૨૪, રવિવાર : **પૂજ્ય જોગી સ્વામી પુન્યતિથિ:** ગુણાનુવાદ સભા, છારોડી ગુરુકુલ, સાંજે ૫:૦૦ કલાકે
તા. ૦૭/૦૯/૨૪, શનિવાર : **ગણેશચતુર્થી :** ગણપતિજી પૂજન, છારોડી તથા અમદાવાદ ગુરુકુલ
તા. ૧૨/૦૯/૨૪, ગુરુવાર : **શ્રીહરિ જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર તથા નિલકંઠવર્ણી અભિષેક : મેમનગર ગુરુકુલ
તા. ૧૪/૦૯/૨૪, શનિવાર : **જળઝીલણી એકાદશી :** જળઝીલણી મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ. સવારે ૮:૩૦ કલાકે.
તા. ૨૮/૦૯/૨૪, શનિવાર : **ઇન્દિરા એકાદશી**

જ્ઞાનસત્ર - ૪૮ પ્રસંગે આયોજિત અખંડધૂન તથા વંદુના પાઠ કરતા ભક્તો. કથા શ્રવણ કરાવતા પૂજ્ય સ્વામીજી પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા વક્તા સંતો. ઉપસ્થિત યજમાન પરિવાર તથા વિદ્યાસહાય પ્રાપ્ત કરનારી દીકરીઓ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર યુ.કે. દ્વારા આયોજિત હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનારમાં ઉપસ્થિત સંતો-મહાનુભાવો. સેમિનાર દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરનારા બાળકો, યુવાનો, દીકરીઓ - લંડન

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું પૂજન કરતા સદ્‌ગુરુ સંતો.
સદ્‌ગુરુ સંતોનું પૂજન કરતા સંતો, ગુરુપૂજન કરવા ઉપસ્થિત ભક્તજનો - SGVP

ભગવાન વેદ વ્યાસ તથા પુરાણ પૂજન તેમજ બાલ ગુરુપૂર્ણિમા મહોત્સવમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ - SGVP

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-